**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૫ ટકા

# અમારા સેકટર-પમાં ગટરની સમસ્યા શિરદર્દ બની રહી છે

## પોલીસના રાઉન્ડ સેકટરમાં ઓછા : સે-પના રહીશો

**અમારૂ સેકટર અમારી સમસ્યા**
**સંકલન મોનિકા ઠક્કર**

ગાંધીનગર, તા.૨૩

અમારી સેકટરમાં વેરાન બગીચો, ગાય કૂતરાનો દિન પ્રતિદિન વધતો જતો ત્રાસ, ઓછા ફોર્સ સાથેનું પાણી, ગંદકી જેવી સમસ્યાઓ દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે. ઉપરોકત શબ્દો સે-પ વસાહત મંડળના અગ્રણીઓના છે. ગાંધીનગર સમાચારે સે-પની મુલાકાત લેતા સેકટરની સમસ્યાઓ અંગે વસાહતીઓએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

સે-પની મુખ્ય સમસ્યાઓમાં વેરાન બગીચો, સાઉન્ડ સિસ્ટમ સાથે ગમે તે સમયે આવતા ફેરિયા, ગટરની સમસ્યા, ગાય-કૂતરાંનો વધતો જતો ત્રાસ, જરૂરિયાત પૂરતી સ્ટ્રીટ લાઈટનો અભાવ જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગટરો ઉભરાવવાના પ્રશ્નો, સે-પનું ખંડેર દવાખાનું, કંપાઉન્ડ વૉલનો અભાવ, સે-પની સરકારી પડતર જમીન જયાં દબાણ દૂર કરવાની જરૂરિયાત, સીએનજી પંપ પાસેના ફૂટપાથ પર દબાણ તથા ગમે તેમ પાર્કિંગથી થતી ટ્રાફિકની સમસ્યા, તુટી ગયેલ જાહેર રસ્તા, પુરતી શહેરી બસની અવર-જવરનો અભાવ, સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હોવાથી બહેનો તથા વૃધ્ધોને થતી તકલીફ, પોલીસના રાઉન્ડ ઘણા ઓછા છે જે વધારવાની જરૂરિયાત, અસામાજિક તત્વોનો વધતો જતો ત્રાસ, સફાઈ વગરના બગીચામાં રોજ સવારે યોગ કરવામાં પડતી તકલીફ, બગીચામાં સૌથી વધુ થતી ગંદકી જેનો સમયસર નિકાલ ન થતો હોવાથી પડતી મુશ્કેલી, સે-પ વિસ્તારમાં તૂટેલા બાકડાં જયાં બેસતા પણ અકસ્માત થવાનો લાગતો ડર, સેકટર ફરતે ફેન્સીંગ ન હોવાથી ચોરી-લૂંટ તથા પશુઓ ઘુસી જવાનો ભય, સેકટરમાં ઓછા થતા પોલીસના રાઉન્ડ જેવી સમસ્યાઓ સે-પના રહેવાસીઓના કહ્યા મુજબ તેઓ ભોગવી રહ્યા છે. જે સમસ્યાઓનો નિકાલ જલ્દીથી આવે તેવી તંત્ર પાસે સે-પના સેકટરવાસીઓની માંગ છે.





● સેકટરમાં ફેરિયાઓ દ્વારા અવાજ પ્રદૂષણ ખુબ જ વધી ગયું છે. જુદી જુદી વસ્તુઓના વેચાણ માટે ગમે ત્યારે સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરી ઉંચા વોલ્યુમનું રેકોર્ડીંગ કરી આવતા જ રહે છે. આ પરવાનગી વગર આવતા ફેરિયાઓથી વસાહીતઓ ત્રાહિમામ પોકારી ગયા છે. કુતરાઓનો ત્રાસ વધ્યો છે તંત્ર આવે તો જીવદયાવાળા કૂતરાને પકડવા દેતા નથી અમે કયાં સુધી ત્રાસ સહન કરીએ?

**- એમ.યુ. કાગદી**



● ગાંધીનગર મહાનગર પાલિકા અમલમાં આવી તેમને સફાઈ સિવાઈ કોઈ કામગીરી સોંપી નથી અને સે-પના વસાહતીઓ દર વર્ષે તેમના વિસ્તાર મુજબ મિલકતવેરો ભરે છે. પરંતુ જે સુખ સુવિધા મળવી જોઈએ તે મળતી નથી. ચોમાસામાં પાણી ભરાય ત્યારે દવાનો છંટકાવ પણ થતો નથી. જીવજંતુઓના વધુ ઉપદ્રવથી સેકટરવાસીઓ માંદગીમાં સપડાય છે. દરેક સેકટરમાં બે બગીચાની ફાળવણી થઈ છે અમને એક ફાળવ્યું છે એ ખાલી જળવાય એની તંત્ર સગવડ કરે એવી માંગ.

**- કેસરીસિંહ બિહોલા**



● કોમન પ્લોટની ફાળવણી જે તે સેકટરના રહીશો દ્વારા યોજાતા ધાર્મિક કાર્યક્રમો, લગ્ન પ્રસંગ, પાર્કિંગ કે શેરી ગરબા કરવા માટે થઈ છે. શેરી ગરબા માટે સરકાર ભાડુ લે છે તે નલેવું જોઈએ. આ ઉપરાતં સેકટરોમાં કોઈ પણ મોબાઈલ ટાવર કે વાઈફાઈ સેકટરવાસીઓની મંજૂરી વગર ન લગાવવા દેવું જોઈએ.

**- નરેશ બી. પરમાર**

## સેકટરને એક જ બગીચો ફાળવ્યો છે, તંત્ર તેની તો માવજત કરે : ખોટા વેરા લેવાનું તંત્ર બંધ કરે

# વાહન ચાલકોને ટ્રાફિક નિયમોનું ધ્યાન કેન્દ્રીત કરવા શહેર વસાહત મહામંડળની અપીલ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા પચ્ચીસ વર્ષથી માર્ગ સલામતી અંગે જાગૃતતા કેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જે અંતર્ગત કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ, બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના સહયોગથી ૨૦૧૯માં થયેલ માર્ગ અકસ્માતો તથા જાન ગુમાવનારની વિગતો આપતો કાર્યક્રમ જિલ્લા ટ્રાફિક પોલીસ તથા વાહન વ્યવહાર કમિશનરના સહયોગથી યોજાયો હતો. જે શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્યા ચેતનાબેન બુચ, બી.એ. પટેલ તથા મુકેશ પટેલના સહકારથી સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત બરોડા ગ્રામીણ બેંકના મેનેજર, પ્રદીપ સોલંકી, જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડા, પીએસઆઈ દેસાઈભાઈ, હેડ કોન્સ્ટેબલ કનુભાઈ તથા ધર્મેન્દ્રસિંહ દ્વારા માર્ગદર્શન તથા સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શહેર વસાહત મહામંડળ દ્વારા સાર્વજનિક કરવામાં આવેલ સાહિત્ય દ્વારા શહેરીનોને ઘણી સહાયતા મળી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા વિદ્યાર્થીઓને લાયસન્સ વગર વાહન ન ચલાવવા, નિયમોનું પાલન કરવા શીખ આપવામાં આવી હતી. બી.એ. શુકલ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, શશીકાંત મોઢા, એચ.એમ. સોલંકી સહિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડયું હતું. સર્વે દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા, સિગ્નલ પર ધ્યાન કેન્દ્રિત કરવા અપીલ કરવામાં આવી હતી.

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેની અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા માઈનોર સ્ક્રીનિંગ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૭૩ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરાવ્યો હતો. આ કેમ્પમાં સ્ટેટ રેડક્રોસના ઈન્ચાર્જ ભરત શ્રીમાળી, પીઆરઓ મનીષ ગુપ્તા દ્વારા સેમ્પલ લેવાની સેવા આપવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના એનએસએસ ઓફિસર ડૉ. રણછોડ રથવી, આચાર્યા જિજ્ઞાબેન ઓઝા તથા ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપરાંત જિલ્લા રેડક્રોસના ચેરમેન જીલુભા ધાંધલ સહિત અશ્વિન દવે, નિલેન્દુ વોરા, ભૂપેન્દ્ર મહેતા, એમ.એસ. સોલંકી વગેરેએ સેવાઓ પુરી પાડી હતી.






ભારત દેશને સંપૂર્ણ પ્રજાસત્તાક દેશ તરીકે માન્યતા મળી એ દિવસ એટલે ૨૬મી જાન્યુઆરી... આ દિવસને રાષ્ટ્રીય તહેવર તરીકે માન્યતા મળી છે. આ દિવસે દેશભકિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. શ્રી જે.બી. પ્રાથમિક વિદ્યાલયના બાળકો ગણતંત્ર દિવસે યોજાનાર રંગારંગ કાર્યક્રમની પ્રેકટીસ જોશભેર કરી રહ્યાં છે.

# મગોડી પાસે રીક્ષા-ટ્રક વચ્ચે અકસ્માતમાં ત્રણના મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા ડભોડા ગામના નાગરીક અશોક કાળાજી યાદવ, ગગનજી છનાજી સોલંકી અને શૈલેશજી હીરાજી આ ત્રણેય ગત તા.૨૧ ના રોજ મગોડી ગામે ગયા હતા. મગોડી થી સાંજના સુમારે ડભોડા પરત ફરી રહ્યા હતા તે સમયે મમૈયા માતાજીના મંદિર પાસે રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય-૫૦૦૧ ને ટ્રક નં. એમ.એચ.૦૪.જી.સી.-૧૫૯૧ ના ચાલકે ગફલતભરી રીતે ટ્રક હંકારી રીક્ષા સાથે અકસ્માત સર્જયો હતો. જેમાં રીક્ષામાં સવાર ત્રણેય જણાને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયા હાજર તબીબે ચકાસીને ગગનજી છનાજી સોલંકી અને અશોકજી કાળાજી યાદવને મૃત જાહેર કર્યા હતા.જયારે શૈલેષ હીરાજીને વધુ ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને અમદાવાદ રીફર કરાયા હતા. ત્યારબાદ સારવાર દરમિયાન તેમનું પણ મોત નિપજયું હતું. મૃતકના કૌંટુબિક ભાઈએ અકસ્માત અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લામાં ૮મીએ રાષ્ટ્રીય લોક અદાલતોનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ.રાઠૌડે જણાવ્યું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ.રાઠૌડે વધુમાં જણાવ્યું છે કે, આ રાષ્ટ્રીય લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, બેન્ક લેણાના દાવા, લેબરને લગતા કેસ, લગ્ન વિષયક કેસ, રેવન્યુ કેસ (ફકત ડિસ્ટ્રીકટ કોર્ટ તથા હાઈકોર્ટમાં પડતર કેસો), નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ના કેસ, મોટર અકસ્માત વળતરના કેસ, ઈલેકટ્રીસીટી તેમજ પાણી વેરોના કેસ, એલ.એ.આરના કેસ, અન્ય સીવીલ કેસ અને સર્વિસ મેટરના કેસ (પે અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસ)નો સમાવેશ કરવામાં આવશે. જે પક્ષકારો કોર્ટમાં આ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓશ્રીએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

આ અંગેની વધુ માહિતી માટે અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર રૂમ નંબર- ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# મહિલા ખેલાડીઓ માટેના 'મહિલા રોકડ પુરસ્કાર' યોજનાના ફોર્મ ૩૧મી સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા.૨૩

સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૯-૨૦ વિવિધ રમતોની રાજયક્ષાની શાળાકીય/ખેલ મહાકુંભ સ્પર્ધાઓ અંડર- ૧૪ અને ૧૭ અને રાજયકક્ષાની શાળાકીય અંડર-૧૯ સ્પર્ધાઓ માટે તેમજ સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કરેલ (ભાગ લીધેલ) મહિલા ખેલાડીઓને કોઈ પણ એક જ રમતમાં તેમજ એક જ સિધ્ધિ માટે 'મહિલા રોકડ પુરસ્કાર યોજના' માટેનું ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાંથી મેળવી લેવાનું રહેશે.

તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૦ સુધીમાં કચેરી સમય દરમ્યાન જરૂરી આધાર, પુરાવા, પ્રમાણપત્ર સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરને ભરેલું ફોર્મ મોકલી આપવાનું રહેશે. વર્ષ- ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલ ખેલાડીઓ અરજી કરી શકશે, તેવું પણ જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.



આ દેશમાં ગમે તેટલા જાતિવાદના પ્રશ્નો ઉદભવે પરંતુ સામાન્ય જનતા આ બાબત વિચાર્યા વગર પોતાની રોજી રોટી માટે નાત જાતનો ભેદ રાખતી નથી. જે આ મુસ્લિમ દ્વારા ખરીદાતા ભારતીય ત્રિરંગાનો ભાવ પૂછતા કે ખરીદતા નાગરિકને જોઈને કહી શકાય.

# શહેરમાં 'લાઈફ ઈસ બ્યુટીફુલ' ડ્રોઈંગ કોમ્પીટીશન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના ઘ-૪ ગાર્ડન ખાતે તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી ૧૨ દરમિયાન રીલાયન્સ સ્માર્ટમની એન્ડ રીલાયન્સ નીપ્પોન, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, દીક્ષા કીડસ સ્કુલ અને રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે 'લાઈફ ઈસ બ્યુટીફુલ' નામે ડ્રોઈંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કાગળ અને સ્કેચપેન સંસ્થા દ્વારા આપવામાં આવશે તેથી બે થી છ વર્ષના બાળકોએ લાભ લેવા જાહેર નિમંત્રણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે.

# પુન્દ્રાસણ ચોકડી પાસેથી ચોરીની રીક્ષા સાથે કિશોર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબી પોલીસે પુન્દ્રાસણ ચોકડી પાસેથી ચોરીની રીક્ષા સાથે એક કિશોરને પકડી પાડ્યો છે. પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો સક્રિય હતી, તે સમયે પીએસઆઈ ડી.એસ.રાઓલને બાતમી મળી હતી કે નંબર વગરની ચોરીની રીક્ષા સાથે એક કિશોર પુન્દ્રાસણ ચોકડી પાસે ઉભો છે. જેને પગલે પોલીસે કિશોરને રીક્ષા સાથે પકડી પાડી રીક્ષાના કાગળો માંગ્યા હતા પરંતુ તેની પાસે કોઈ આધાર કે પુરાવો રીક્ષાનો હતો નહી, પોલીસે એકલવ્ય સોફટવેરની મદદ લઈ તપાસ કરતા રીક્ષાનો સાચો નંબર જી.જે.૧૮.એ.વાય-૨૪૬૧ હોવાનું ધ્યાને આવ્યું હતું. કિશોરની પોલીસે પુછતાછ કરતા કિશોરે કબુલાત કરી હતી કે પોતાના મિત્ર સાથે મળીને પેથાપુર વિસ્તારમાંથી અઢી માસ અગાઉ રીક્ષાની ઉઠાંતરી કરી હતી. બનાવ અંગે એલસીબી પોલીસે તપાસ કરતા રીક્ષાની ફરીયાદ નોંધાયેલી હતી. કિશોર સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના ઘ-૪ પાસે ફેડ બેંકનો પ્રારંભ



ગાંધીનગર ખાતે આજરોજ ઘ-૪ પાસે આવેલા ગુલાબવાડીની બાજુમાં ફેડ બેંક ફાયનાન્સીયલ સર્વિસીસ લી. દ્વારા ફાસ્ટ ગોલ્ડ લોનની બ્રાન્ચ શરુ કરવામાં આવી છે. આ બ્રાન્ચનું ઉદઘાટન ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રગટાવીને ફેડ બેંક આજથી ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મેનેજર પરેશ મકવાણા અને સ્ટાફના કર્મચારી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# શનિવારે ડૉ. આંબેડકર હોલમાં 'પંચમદા'ની ૨૬મી પુણ્યતિથી નિમિત્તે હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

ન્યુ ગાંધીનગરના કુડાસણ સિથિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો સંચાલિત મેરી આવાઝ સુનો કરાઓકે કલબ દ્વારા હિન્દી સિને જગતના મહાન સંગીતકાર આર.ડી. બર્મનની ૨૬મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી તા. ૨૫મી જાન્યુઆરી, શનિવારે રાત્રે ૯ કલાકે શહેરના સેકટર-૧૨ ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર તથા અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારના ગીત ગાવાના શોખીન અનુભવી બિનઅનુભવી કલાકારોને કરાઓકે ટ્રેક શૉ દ્વારા પોતાના અવાજમાં ગીતોની પ્રસ્તુતિ કરવા માટે પ્લેટફોર્મ પુરું પાડવામાં આવશે જેમાં ભાગ લેવા શ્રી મનોરંજન સ્ટુડિયોના શ્રવણકુમાર પરમારનો મો.નં. ૯૪૨૭૩ ૧૮૦૭૩ અથવા સ્ટુડિયોના મો.નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમને નિહાળવા પ્રવેશ નિઃશુલ્ક છે. જેથી દરેક સંગીતપ્રેમી દર્શકોને સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ પદે સતીશભાઈ એસ. ચૌધરીની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં છેલ્લા ૪૫ વર્ષથી કાર્યરત શ્રી આંજણા ચૌધરી સેવા મંડળ, ગાંધીનગર દ્વારા ચૌધરી સમાજના પ્રમુખ તરીકે સતીશભાઈ એસ.ચૌધરીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી પદે ભીમજીભાઈ પટેલની નિમણુંક કરાઈ છે. ખજાનચી તરીકે ભગુભાઈ સી. ચૌધરીની પસંદગી કરાઈ છે.



સમાજના અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે શંકરભાઈ બી. ચૌધરી (પૂર્વ કોર્પોરેટર), રણજીતભાઈ ચૌધરી અને ભરતભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમજ સહમંત્રી પદે જશુભાઈ ચૌધરી, મયૂરભાઈ ચૌધરી, દુષ્યંતભાઈ ચૌધરી, ધનરાજભાઈ ચૌધરી અને સંગઠન મંત્રી પદે શ્રી જીતુભાઈ આઈ. ચૌધરી, દિનેશભાઈ વી. ચૌધરી અને ગાંડાભાઈ વી. ચૌધરીની પસંદગી કરવામાં આવી છે. જયારે આંતરિક ઓડિટર તરીકે નરસિંહભાઈ પટેલ સહિત ૪૦ જેટલા વિવિધ સેકટર પ્રતિનિધિઓની કારોબારી સભ્યો તરીકે નિમણુંક કરવામાં આવી છે. મીડિયા કન્વીનર તરીકે નરેશ ચૌધરી તથા નટવરભાઈ ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યૂઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
**છપાક** - ૧.૦૦, ૯.૩૦
**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦
**છપાક**
૧૨.૨૫, ૭.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫
**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૯.૩૦
**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

# ગાંધીનગર ભાવસાર સમાજનો ૯મીએ વાર્ષિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ભાવસાર સમાજનો વાર્ષિક કાર્યક્રમ ૯ ફેબ્રુઆરીએ ૧૦ કલાકે જૂના સચિવાલય કેન્ટીન ખાતે યોજવામાં આવેલ છે. પ્રતિ વર્ષ યોજાતા વાર્ષિક કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, વય નિવૃત્ત વડિલોનું અભિવાદન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાપ્રસાદનું આયોજન કરાયું છે. વર્તમાન શૈક્ષણિક વર્ષમાં પ્રથમ અને બીજું સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપીને સન્માન કરવામાં આવશે. કાર્યક્રમમાં આયોજીત ભોજન માટે સેકટરના પ્રતિનિધિઓ પાસેથી ૪થી ફેબ્રુઆરી પહેલા પાસ મેળવી લેવ સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ ભાવસાર દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. સોની જયશ્રીબેન નટવરલાલ, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર બાઈજીબેન જેસંગજી, ઉ.વ. ૮૦
- સ્વ. પરમાર ડાહ્યાભાઈ રેવાભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. મહેન્દ્ર ભાલશંકર જોશી, ઉ.વ. ૭૩